# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી

## જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

મોતીબાગ, જૂનાગઢ

(ફોન / ફેકસ : ૦૨૮૫ / ૨૬૭૨૬૫૩)

ઈ–મેઈલ : dee@jau.in

ડો. એ.એમ.પારખીયા

વિસ્તરણ શિક્ષણ નિયામક

જા.નં. જૂકૃયુ/વિશિનિ/ટેક–૨/ ૧૪૬૭–૯૫૭ /૧૨,

જૂનાગઢ, તા.૨૨/૦૨/૨૦૧૨

પ્રતિ,
સર્વે પ્રાધ્યાપક અને વડાશ્રી / સંશોધન વૈજ્ઞાનિકશ્રી
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી

વિષયઃ કૃષિ મહોત્સવ–૨૦૧૨ અન્વયે માહિતી સંપૂટ તૈયાર કરવા બાબત...

જયભારત સાથ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, દર વર્ષની માફક આ વર્ષે પણ અંદાજે તા. ૨૪/૦૪/૨૦૧૨થી કૃષિ મહોત્સવની એક માસ માટે ઉજવણી થનાર છે, તે અન્વયે આપણે કૃષિ રથની સાથે વૈજ્ઞાનિકોની સેવાઓ ફાળવવાની થાય છે. કૃષિ વૈજ્ઞાનિકો ગામડામાં જઈ ખેડૂતોને કૃષિ અને તેને સંલગ્ન વિષયોનું સંતોષકારક માર્ગદર્શન આપી શકે તે હેતુથી પ્રતિ વર્ષ આપણે ઓરીએન્ટેશન ટ્રેઈનીંગ પ્રોગ્રામનું આયોજન કરીએ છીએ. આ વર્ષે પણ એક દિવસની ઓરીએન્ટેશન તાલીમનું આયોજન કરીશું.એ વખતે સર્વે વૈજ્ઞાનિકોને ખેતીની અદ્યતન માહિતી સાથેનું જ્ઞાનસભર સાહિત્ય આપવાનું આયોજન છે. તેથી આપના વિષય કે વિભાગની એવી કૃષિ તજજ્ઞતા કે જે ખેડૂતોને વધારેમાં વધારે ઉપયોગી હોય પરંતુ અપનાવી ન હોય તેનો સમાવેશ કરીએ કે જેનાથી જે તે પાક તેમજ પશુના દુધ ઉત્પાદનમાં ૨૦% (ટકા)ની વૃધ્ધિ થાય. આમ, ખેતી પધ્ધતિ અને પશુપાલન, મત્સ્યપાલનને સ્પર્શતા વિવિધ મુદ્દાઓ ધ્યાને લઈ કૃષિકારો, પશુપાલકો અને સાગર ખેડૂને કેવા પ્રકારની ભલામણ કરીએ કે જેથી વિવિધ પાક, મત્સ્ય તેમજ દુધનું ૨૦% ઉત્પાદન વધારી શકાય. આ વિચારને કેન્દ્ર સ્થાને રાખી આપના વિષય/પાકની અદ્યતન માહિતી ચાર પેઈઝની મર્યાદામાં **એલએમજી– અરૂણ ફોન્ટ, ફોન્ટ સાઈઝ ૧૪, એ–૪ પેઈજમાં** તૈયાર કરી અત્રેની કચેરીને **તા. ૨૯/૦૨/૨૦૧૨** સુધીમાં હાર્ડ તથા સોફટ કોપીમાં મોકલી આપવા વિનંતી.

પારખીયા ૨૨/૨/૧૨
વિસ્તરણ શિક્ષણ નિયામક

નકલ જયભારત સાથ રવાનાઃ
(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ જાણ સારૂ.
(૨) નિયામકશ્રી, આઈ.ટી. સેલ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢ તરફ ઈ–મેઈલ થવા સારૂ.

E:\Tech-2\letter.doc